

બારડોલીમાં સાયબર ગઠિયાઓનો આતંક

» ઉપલી બજાર વિસ્તારના યુવકના બેંક ખાતામાંથી ઓનલાઈન રૂ.૨.૯૧ લાખ ઉપડી ગયા » ફાર્માસિસ્ટના ખાતામાંથી કુલ રૂ.૬૬ હજારની ઓનલાઈન ઠગાઈ થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

બારડોલીઃ બારડોલીમાં રહેતા અને ટેક્સટાઈલ કંપનીમાં નોકરી કરતા એક યુવાન સાથે ૨,૯૧,૧૫૯ની ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનો મામલો બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. તો બીજી ઘટનામાં બારડોલીના ધામડોદ લુંભા રોડ પર આવેલી નિમિત્ત રેસિડેન્સીમાં રહેતો યુવાને ઠગાયો હતો.

બારડોલીના ઉપલી બજાર વિસ્તારમાં આવેલા મહાવીર પેલેસમાં રહેતા યશ સરજુકુમાર શાહ (ઉ.વ.૩૦) તાતીથૈયાની ટેક્સટાઈલ કંપનીમાં નોકરી કરે છે. ગત તા.૩/૧૧/૨૦૨૬ના રોજ તેમના મોબાઈલ નંબર પર અલગ અલગ એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટેના ઘણા OTP મેસેજ એકસાથે આવવા લાગ્યા હતા. આ અંગે તેમણે તુરંત સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી, જેના પછી મોબાઈલમાં ઓટીપી આવતા બંધ થઈ ગયા હતા. જોકે, તે જ દિવસે રાત્રે આશરે સાડા બાર વાગ્યાના સુમારે ફરીથી તેમના ફોન પર એકસાથે અનેક ઓટીપી આવવા લાગ્યા હતા. આથી શંકા જતાં તેમણે ગૂગલ પે એપ ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે એક્સેસ થઈ શકી ન હતી. ત્યારબાદ તેમણે તેમની IDBI બેંકની એપમાં પોતાનું એકાઉન્ટ ચેક કરતા જાણવા મળ્યું હતું કે, તેમના ખાતામાંથી ચાર અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.૮૩,૯૯૮, રૂ.૯૯,૯૯૯, રૂ.૫૭,૧૬૨ અને રૂ.૫૦,૦૦૦ કુલ રૂ.૨,૯૧,૧૫૯ની રકમ જાણ બહાર ઓનલાઈન ટ્રાન્સફર થઈ ગઈ હતી. આ ઘટના અંગે યુવાને બારડોલી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સુરતના મહાવીર હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ તરીકે નોકરી કરતા અને બારડોલીના ધામડોદ લુંભા રોડ પર આવેલી નિમિત્ત રેસિડેન્સીમાં રહેતા ૩૮ વર્ષીય ચીરાગકુમાર સુરેશભાઈ ચૌધરી ગત તા.૩/૧૧/૨૦૨૬ના રોજ બપોરે આશરે બે વાગ્યે ઘરે હતા. ત્યારે તેમના મોબાઈલમાં અચાનક ઓટો અપડેટ ચાલુ થઈ ગયું હતું. તેમણે ફોન સ્વીચ ઓફ કરવાનો પ્રયાસ કર્યો છતાં ફોન બંધ થયો ન હતો અને મોબાઈલની તમામ એપ્લિકેશન આપોઆપ અપડેટ થવા લાગી હતી.

બીજા દિવસે સવારે નોકરી પૂરી કરી કસ્ટમર કેરમાં મોબાઈલ રિપેર કરાવવા ગયા ત્યારે કર્મચારીઓએ જણાવ્યું હતું કે, તેમનો ફોન હેક થઈ ગયો છે. કસ્ટમર કેરની સલાહ બાદ તેમણે પોતાની ફોન પે એપ્લિકેશનમાં બેલેન્સ ચેક કર્યું હતું. તપાસ કરતાં જાણવા મળ્યું કે, સુરતના પાર્લે પોઈન્ટ ખાતે આવેલી HDFC બેંકની શાખાના તેમના એકાઉન્ટમાંથી રૂ.૩૬,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા છે. ઉપરાંત મહુવાની SBI બેંકની શાખાના એકાઉન્ટમાંથી પણ રૂ.૩૦,૦૦૦ની રકમ કપાઈ ગઈ હતી.

આમ બંને ખાતામાંથી કુલ રૂ.૬૬,૦૦૦ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. અજાણ્યા હેકરે ટેક્નોલોજીનો ઉપયોગ કરી જાણ બહાર ટ્રાન્ઝેક્શન કરી લીધા હોવાનું જણાતાં સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરી હતી. આ મામલે બારડોલી ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

બારડોલીના સાજીદનું અકસ્માત મોત નહીં, પ્રિ-પ્લાન 'મર્ડર' હતું

પલસાણાના વણેસામાં બનેલી સાત માસ પહેલાની ઘટનાનો ભેદ ઉકેલાયો

૧ લાખ રૂપિયાની સોપારી આપી બોલેરો પિકઅપ ખરીદી હત્યા કરાઈ હતી

મુખ્ય સૂત્રધાર આફ્રિકા રહેતા અને બલેશ્વરના અબ્દુલરહેમાન શેખ તથા ખૂન કરનાર સોયેબ ઘાંચીની ધરપકડ



સાજીદને પતાવી દેવા માટે રૂપિયા એક લાખમાં સોપારી આપી હતી

પોલીસની સઘન પૂછપરછ અને તપાસમાં બહાર આવ્યું હતું કે, પલસાણાના બલેશ્વર ગામમાં રહેતા અને સાઉથ આફ્રિકાથી તાજેતરમાં પરત આવેલા અબ્દુલરહેમાન અબ્દુલમજીદ શેખ (ઉ.વ.૪૨)ને મૃતક સાજીદ કુરેશીની પત્ની સાથે પ્રેમસંબંધ હોવાની પાકી શંકા હતી. આ બાબતને લઈને અબ્દુલરહેમાન અવારનવાર સાજીદને હેરાન પણ કરતો હતો. આ અદાવત રાખીને અબ્દુલરહેમાને સાજીદનો કાયમ માટે કાંટો કાઢી નાંખવા માટે પોતાના મકાનમાં ભાડુઆત તરીકે રહેતા મિત્ર સોયેબ અબ્દુલકાદર ઘાંચી (ઉ.વ.૩૫) નો સંપર્ક કર્યો હતો અને તેને સાજીદને પતાવી દેવા માટે રૂપિયા એક લાખમાં સોપારી આપી હતી.

પલસાણાઃ પલસાણાના વણેસા ગામની હદમાં ગત રમજાન માસ દરમિયાન બનેલા એક અકસ્માતના બનાવનો પોલીસે પર્દાફાશ કર્યો છે. પ્રાથમિક દૃષ્ટિએ હિટ એન્ડ રન જણાતો આ બનાવ વાસ્તવમાં એક સોપારી આપીને વિચારેલું હત્યાનું ષડયંત્ર હોવાનું બહાર આવ્યું છે. સુરત ગ્રામ્ય એલ.સી.બી.એ આ ગંભીર ગુનાનો ભેદ ઉકેલીને હત્યા કરાવનાર મુખ્ય સૂત્રધાર અને ખૂન કરનાર એમ બે શખ્સને ઝડપી પાડ્યા હતા.

ગત ૧૫ માર્ચ-૨૦૨૬ના રોજ પલસાણાથી બારડોલી રોડ પર સાજીદ પીરમહમંદ કુરેશી (રહે., ૩૯, અલનૂર સોસાયટી, ઇસરોલી, બારડોલી) જ્યારે પોતાના મોપેડ પર જઈ રહ્યો હતો, ત્યારે કોઈ અજાણ્યા વાહને તેને અડફેટમાં લીધો હતો, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

આ અંગે પલસાણા પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોતનો ગુનો નોંધાયો હતો. પરંતુ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પીઆઈ એન.જી.પાંચાણી અને ટીમ દ્વારા ટેક્નિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે મૃતક સાજીદ કુરેશીની પત્ની સાથે અબ્દુલરહેમાન અબ્દુલમજીદ શેખ (રહે.,બલેશ્વર, પલસાણા) અને સાઉથ આફ્રિકા) તથા ખૂન કરનાર આરોપી સોયેબ અબ્દુલકાદર ઘાંચી (રહે.,સરખેજ, અમદાવાદ)ને સોપારી આપી હતી.

યોજના મુજબ બોલેરો પિકઅપ ગાડી ખરીદીને સાજીદને ટક્કર મારીને હત્યા કરવામાં આવી હતી અને આ હત્યાને અકસ્માતમાં ખપાવી દેવામાં આવી હતી. આ પ્રકરણમાં પોલીસે સોપારી આપનાર મુખ્ય આરોપી અબ્દુલરહેમાન અબ્દુલમજીદ શેખ (રહે.,બલેશ્વર, પલસાણા અને સાઉથ આફ્રિકા) તથા ખૂન કરનાર આરોપી સોયેબ અબ્દુલકાદર ઘાંચી (રહે.,સરખેજ, અમદાવાદ)ની ધરપકડ કરી ગુનામાં વપરાયેલા મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વરના વેલ્યુઅર સાથે રૂપિયા ૮૯ લાખની ઓનલાઇન છેતરપિંડી

USDT ટ્રેડિંગના બહાને સાયબર ફ્રોડ કરતાં પોલીસ ફરિયાદ

ભરૂચઃ અંકલેશ્વરમાં રહેતા અને જમીન-મકાનોની માર્કેટ વેલ્યુ કાઢવાનો ધંધો કરતા ૫૪ રાજેશભાઈ ભુદરભાઈ કાનજભાઈ કેવડીયા સાથે સોશિયલ મીડિયા અને ટેલિગ્રામ દ્વારા USDT ટ્રેડિંગના બહાને ૮૯,૯૨,૨૨૪ની ઓનલાઇન ઠગાઈ થયાની ઘટના સામે આવી છે. ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધાયો છે.

FIR મુજબ, ગત તા.૨/૯/૨૦૨૬ના રોજ તેઓએ ફેસબુક પર Ashwini Patil નામની વ્યક્તિ તરફથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. વાતચીત દરમિયાન આરોપીએ પોતાની કંપની મહાદેવ ફેશન રિઝાઇનિંગ હોવાનું અને ટેલિગ્રામ પર વધુ સક્રિય હોવાનું જણાવી ફરિયાદીને ટેલિગ્રામ પર જોડાવા લલચાવ્યા હતા. ત્યારબાદ USDTમાં રોકાણ કરી સારો નફો કમાવવાની લાલચ આપી, https://spiritmooncoin.com લિંક મોકલી UID 060236 વાળું એકાઉન્ટ ખોલાવ્યું હતું.

આરોપીઓએ તેઓને વિવિધ બેંક એકાઉન્ટ્સમાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ HDFC Bank, AU Small Finance Bank અને IndusInd Bankના તેમના એકાઉન્ટમાંથી વિવિધ તારીખો દરમિયાન કુલ ૯૧,૦૩,૨૨૯ જમા કરાવ્યા હતા, જેમાંથી માત્ર ૧,૧૦,૯૮૫ પરત મળ્યા હતા. જ્યારે બાકીના રૂ.૮૯,૯૨,૨૨૪ પરત ન આપી ઠગાઈ કરવામાં આવી હતી. તેમને ટેલિગ્રામ પર જેસન રોય (એક્ઝિક્યુટિવ મેનેજર) અને ગ્રુપ એડમિન ભાવેશ દેશપાંડે (@Adviser_Bhavesh_Deshpande) દ્વારા પણ સંપર્ક કરવામાં આવ્યો હતો. આરોપીઓએ નફાના 30% કમિશન અને નુકસાન ભરપાઈ કરવાની ખોટી ખાતરી આપી એગ્રીમેન્ટ પણ કરાવ્યું હતું. જ્યારે ફરિયાદીએ નાણાં ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સિક્યુરિટી રેટિંગ ઓછું છે તેમ જણાવી વધુ ૧૦% રકમ જમા કરાવવાનું કહેવામાં આવ્યું હતું, જે શંકાસ્પદ હોવાથી તેઓને ઠગાઈનો ભાસ થયો હતો. જેને લઈ ભરૂચ સાયબર ક્રાઇમ પોલીસમાં સાયબર ફ્રોડ ટોળકી દ્વારા ૮૯,૯૨,૨૨૪ ઓનલાઇન ઠગાઈ થતાં IT એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.



ગણેશ સુગરની 18 નવેમ્બરની ઈ-હરાજી સામે ખેડૂતોનો વિરોધ

ભરૂચઃ વાલિયા તાલુકાના વટારિયા ગામે આવેલી શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની મિલકતોની હરાજી સામે ખેડૂતોમાં નારાજગી ઊભી થઈ છે. ભરૂચ જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિ અને પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા સહિત ખેડૂતોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં NCDC દ્વારા સરફેસી એક્ટ (SARFAESI Act) હેઠળ મંડળીની 46.03 હેક્ટર જમીન, પ્લાન્ટ અને મશીનરી સહિતની મિલકતોની આગામી 18 નવેમ્બરના રોજ યોજાનારી ઈ-હરાજી તાત્કાલિક અસરથી રોકવાની માંગ કરવામાં આવી છે. કલેકટરને અપાયેલા આવેદનપત્રમાં જણાવાયું છે કે, મંડળીની મિલકતોની હરાજી માટે અનામત કિં.રૂ.186.48 કરોડ નક્કી કરવામાં આવી છે. વર્ષોથી આ સહકારી મંડળી સાથે જોડાયેલા હજારો ખેડૂત શેરધારકોને આ હરાજી અંગે જાણ કરવામાં આવી છે કે નહીં, તેવી શંકા સમિતિએ વ્યક્ત કરી છે, જેથી તેમને રજૂઆત કરવાની તક મળી શકે. સમિતિએ કલેકટર સમક્ષ માંગ કરી છે કે હરાજી સંબંધિત તમામ દસ્તાવેજો અને ફાઈલો મંગાવીને તેની નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવે.

મહાપુરા ગામના ખેડૂતોનાં કલેક્ટર કચેરીએ ધરણા

પાવર ગ્રીડ મુદ્દે વિરોધ કરતા ખેડૂતોની અટકાયત કરાઈ

ભરૂચઃ જંબુસરના મહાપુરા ગામમાંથી પસાર થતી પાવર ગ્રીડની હાઈટેન્શન વીજ લાઈનના જમીન વળતરમાં ભેદભાવ અને અન્યાયના આક્ષેપ સાથે ખેડૂતોએ પ્રબળ વિરોધ પ્રદર્શન કર્યું હતું. કલેક્ટર કચેરી ખાતે અનિશ્ચિત મુદતનાં ધરણા પર બેઠેલા ખેડૂતોની ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસે અટકાયત કરી હતી. ધરણા પ્રદર્શન માટે પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હોવાનું કારણ દર્શાવીને પોલીસે સ્થળ પર પહોંચી તમામ આંદોલનકારી ખેડૂતોને ડિટેઈન કર્યા હતા.

અસરગ્રસ્ત ખેડૂતોના જણાવ્યા અનુસાર એક જ પાવર ગ્રીડ પ્રોજેક્ટ હેઠળ જમીન સંપાદન અને નુકસાનીના વળતરની પ્રક્રિયામાં આસપાસનાં ગામો વચ્ચે ભારે વિસંગતતા રાખવામાં આવી છે. ગત 16 તારીખે યોજાયેલી એમ.આર.સી. બેઠકમાં નક્કી થયેલા દરો મુજબ માંગરોળ ગામના ખેડૂતોને પ્રતિ ચોરસ મીટર 3,300 ચૂકવવાનું નક્કી કરાયું છે, જ્યારે તેની સામે મહાપુરા અને ઈંગરલા ગામના ખેડૂતો માટે પ્રતિ ચોરસ મીટર માત્ર 1,100થી 1,200 સુધીનો તદ્દન ઓછો દર નક્કી કરવામાં આવ્યો છે. ખેડૂતોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માંગરોળ ગામની સરખામણીએ મહાપુરા ગામની સરકારી જંત્રી રૂ.100 વધુ હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા વળતરના દર અત્યંત નીચા રાખવામાં આવ્યા છે. હાઈટેન્શન વીજ લાઈન પસાર થવાથી ખેતીની જમીન નકામી બને છે અને પાકને પણ ભારે નુકસાન થાય છે.

આવી સ્થિતિમાં વળતરના દરમાં કરવામાં આવેલી આ અસમાનતા ખેડૂતોના આર્થિક હિતો પર સીધો પ્રહાર સમાન છે. આ મામલે ખેડૂતોએ અગાઉ પ્રાંત અધિકારી અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વર્તમાન એમ.આર.સી. પરિપત્ર રદ કરવા તેમજ જમીનની ફળદ્રુપતા મુજબ પ્રતિ ચોરસ મીટર 2,000થી 2,500 સુધીનું વળતર આપવા માંગ કરી હતી.

કોઈ ઉકેલ ન આવતાં ખેડૂતોએ આંદોલન શરૂ કર્યું હતું. અટકાયત બાદ પણ ખેડૂતોએ તમામ ગામોના ખેડૂતોને એકસમાન ન્યાય અને યોગ્ય વળતર નહીં મળે ત્યાં સુધી તેઓ તંત્રના અન્યાયી નિર્ણય સામે લડત ઉગ્ર બનાવશે એવી ચીમકી ઉચ્ચારી છે.

સંક્ષિપ્ત સમાચાર

ચંદ્રવાણ ગામે જુગાર રમતા ૬ ઝડપાયા



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એસ.વણઝારાના માર્ગદર્શન હેઠળ પોલીસે ચંદ્રવાણ ગામની સીમમાં નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર દમદમતા જુગારધામ પર રેડ કરી હતી. બાતમીના આધારે પોલીસે દાવ પરના અને અંગઝડતીના રૂ.૧૨,૪૩૦ના મુદ્દામાલ સાથે ૬ જુગારીને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં ઝહીર ઈનાયત પટેલ, ઈમરાન ઈકબાલ મેમણ, આરીફ અનવર પઠાણ, રમેશ ઝીણા માછી, સમીર પુરુ મલેક (તમામ રહે.,નેત્રંગ) અને રાજેશ પુનિયા વસાવા (રહે.,ચંદ્રવાણ)નો સમાવેશ થાય છે. જ્યારે અન્ય ૪ આરોપીઓ આરીફ ઉર્ફે ગોટી પઠાણ, ભરત છેલિયા વસાવા, કલ્પેશ સુખદેવ વસાવા અને વિશાલ મુકેશ વસાવા પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ઝઘડિયાના રાંદેરીમાં GETCOના 66 KV સબ-સ્ટેશનમાં આગ

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયામાં GETCOના 66 KV રાંદેરી સબ-સ્ટેશનમાં ગુરુવારે અચાનક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ લાગતાં જ સબ સ્ટેશનમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. એક બાદ એક ચાર ફાયર બ્રિગેડની ટીમો આગ પર કાબૂ મેળવવાની કામગીરીમાં જોડાઈ હતી. આગ લાગવાના કારણે આસપાસના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

વાઘપુરામાં બેફામ દોડતી કારે બાઈકને ટક્કર મારી, ૩ ઘાયલ

સમાધાનની વાતચીત નિષ્ફળ જતાં કાર ચાલક વિરુદ્ધ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

ઘાયલ યુવાનોને સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી. અને સંજીવની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

રાજપીપળાઃ ગરુડેશ્વરના નવા વાઘપુરા ગામે ગોડાઉન ફળિયામાં રહેતા યુવરાજભાઈ સુરેશભાઈ તડવી ખેતમજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૨૦ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ રાત્રે અંદાજે ૨:૪૫ વાગ્યાના સુમારે વડિયા જકાતનાકા પાસે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી લાલ રંગની ફોર વ્હીલ ગાડી નં.(GJ-22-H-0312) ના ચાલકે, ફરિયાદી અને તેમના મિત્રો જે મોટરસાઇકલ નં.(GJ-22-AC-3006) પર જઈ રહ્યા હતા તેને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં યુવરાજભાઈ, નિમેશભાઈ અને સુધીરભાઈ એમ ત્રણેય યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. ફરિયાદી તથા નિમેશભાઈને પગમાં ફ્રેક્ચર સહિત શરીરના વિવિધ ભાગોમાં ઈજા થઈ હતી. જ્યારે સુધીરભાઈને પણ માથાં અને અન્ય જગ્યાએ ઈજા થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા રાજપીપળા સિવિલ હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર અર્થે વડોદરાની એસ.એસ.જી. તથા સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. શરૂઆતમાં સમાધાનની વાતચીત ચાલતી હોવાથી પોલીસ ફરિયાદ નોંધાવી ન હતી, પરંતુ સમાધાન ન થતાં અંતે કાર ચાલક વિરુદ્ધ રાજપીપળા પોલીસ સ્ટેશનમાં ૪ નવેમ્બરે કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પરિવાર વિરુદ્ધ પ્રેમલગ્ન કરીને ધારૂઠા રહેતી યુવતીનું અપહરણ

કેનેડામાં નોકરી કરતા જેનિશ પટેલે અબ્રામાની જીયા સાથે ગત 3 ઓક્ટોબરે અમદાવાદ ખાતે પ્રેમલગ્ન કર્યાં હતાં

કામરેજઃ ધારૂઠા ગામે રહેતા યુવાન સાથે પ્રેમલગ્ન કરી રહેતી અબ્રામાની યુવતીનું પરિવારજનો અપહરણ કરી ગયા હતા.

કામરેજના ધારૂઠા ગામે પટેલ ફળિયાના વતની અને હાલ કેનેડા ખાતે જેનિશ હસમુખભાઈ પટેલ નોકરી કરી રહે છે. એક વર્ષ અગાઉ અબ્રામાની જીયા રોહિત પટેલ (ઉ.વ.20) સાથે પ્રેમસંબંધ થતાં બનેએ પ્રેમલગ્ન કરવાનું નક્કી કરતાં કેનેડાથી આવીને બંનેએ ગત તા.3-10-26ના રોજ અમદાવાદ ખાતે કોર્ટ મેરેજ કરીને દરિયાપુર વોર્ડમાં લગ્નની નોંધણી કરાવી હતી. બાદમાં ગત તા.11-10-26ના રોજ ધારૂઠા ઘરે આવતા રહ્યાં હતાં. બુધવારના રોજ જેનિશ તેની પત્ની જીયાની સાથે નગોડ રહેતા મામાના દીકરાની મારુતિ સ્વિફ્ટ કાર નં.(જીજે 05 જેટી 2318) લઈ કામરેજ ખાતે બપોરના 12.30 કલાકે મિત્ર ઉર્વિલ સતીષ પટેલની પાસે કામ પતાવી પરત ઘરે જતાં હતાં. ત્યારે નનસાડ, કોળી ભરથાણા થઈને ધારૂઠા જતાં ખેતરાડી રસ્તા પર સામેથી એક જૂના મોડેલના મારુતિ સ્વિફ્ટ ડિઝાયર કાર આવતાં જેનિશે કાર સાઈડમાં ઊભી રાખી હતી. સામેથી આવતી મારુતિ સ્વિફ્ટ ડિઝાયર કાર સામે મૂકી દીધી હતી. બીજી સફેદ કાર જેનિશની કારની પાછળ મૂકી ઊભી રાખી દીધી હતી. સ્વિફ્ટ કારમાંથી જેનિશના કુટુંબી ભાઈ સાહિલ પટેલ, અંજન પટેલ અને બીજા એક કાકા (તમામ રહે.,અબ્રામા) ઊતર્યા હતાં. પત્ની જીયાએ માસા કહ્યું હતું. જેનિશની કાર પાસે આવીને દરવાજો ખોલવાની કૌશિશ કરતાં દરવાજા લોક કરી દીધા હતા. સાહિલે નજીકમાંથી પથ્થર લાવીને કારનો ક્લીનર તરફના પાછળના દરવાજાનો કાચ તોડી અંદર હાથ નાંખી લોક ખોલી આગળનો દરવાજો ખોલીને જીયાને સાહિલે હાથ પકડી બહાર ખેંચી પાછળ ઊભેલી સફેદ રંગની કારમાં બેસાડી નાસી છૂટ્યા હતા. બાદ સામે ઊભેલી કાર પણ નીકળી ગઈ હતી. આમ કામરેજ પોલીસ મથકમાં તમામ સામે અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

તિલકવાડામાં અકસ્માત કરનાર બાઈક સવાર સામે ગુનો નોંધાયો

રાજપીપળાઃ તિલકવાડા પોલીસ મથક હેઠળના હાઈવે રોડ પર ગોલાતલાવડી કટ પાસે ગત ૨૫ ઓક્ટોબરે ૬૭ વર્ષીય વિપીનચંદ્ર પંચાલ (રહે., નીચલી બજાર, તિલકવાડા) દુકાને જતી વેળા બાઈક નં.(જીજે-22-ક્યૂ-8580) રોડ સાઈડ ઊભી રાખી મિત્ર સાથે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે પૂરઝડપે આવેલી મોટરસાઈકલે તેમને ટક્કર મારી દીધી હતી. આ અકસ્માતમાં વિપીનચંદ્રને ડાબા પગમાં ગંભીર ફ્રેક્ચર થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર ચુડેશ્વર ગામનો યુસુફખાન રસુલખાન ઘોરી હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે સમાધાનના પ્રયાસ થયા હતા. પરંતુ અકસ્માત બાદ સારવારનો ખર્ચ આપવાની ના પાડતાં ઈજાગ્રસ્ત વિપીનચંદ્ર પંચાલે ૪ નવેમ્બરના રોજ તિલકવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે યુસુફખાન ઘોરી વિરુદ્ધ બી.એન.એસ. અને મોટર વાહન અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

દિગસમાં ૨૭.૩૭ લાખનો દારૂ ઝડપાયો

એલસીબીની કાર્યવાહી, ગોવાથી વડોદરા જઈ રહેલું દારૂ ભરેલું કન્ટેનર કબજે કરાયું

પલસાણાઃ સુરત ગ્રામ્ય જિલ્લામાં પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ તથા હેરાફેરીને નેસ્તનાબૂદ કરવા માટે પોલીસ દ્વારા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (સુરત વિભાગ) અને પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા (સુરત ગ્રામ્ય) ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં સઘન પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી છે. ત્યારે સુરત ગ્રામ્ય એલ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર એન.જી. પાંચાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.ચૌહાણ અને પેરોલ ફર્લો સ્કવોડની ટીમ પ્રોહિબિશન-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ શોધી કાઢવા માટે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એ.એસ.આઈ. રોહિતભાઈ બાબુભાઈ, અ.હે.કો. હેમંતભાઈ ઈશ્વરભાઈ તથા અ.પો.કો. રમેશભાઈ માયાભાઈને



ખાનગી બાતમી મળી હતી કે, ગોવા ખાતેથી વિદેશી દારૂનો જથ્થો ભરીને એક આઇસર ટ્રક કન્ટેનર નં.(RJ-06-GB-9977) નવસારી તરફથી નેશનલ એક્સપ્રેસ વે નં.૪ થઈને વડોદરા તરફ જઈ રહ્યું છે. આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ દ્વારા કામરેજના દિગસની હદમાં મુંબઈ-વડોદરા એક્સપ્રેસ-વે ઉપર વોચ ગોઠવી શંકાસ્પદ આઇસર ટ્રકને રોકી હતી. ટ્રકને રોકી તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની મોટી માત્રામાં વ્હીસ્કીની બાટલીઓ મળી આવી હતી. પોલીસે ટ્રકમાંથી કુલ ૧૪,૬૪૦ નંગ વિદેશી દારૂની બાટલીઓ જપ્ત કરી છે, જેની કિં.રૂ.૨૭,૩૭,૬૮૦ થાય છે. ઉપરાંત ટ્રક કિં.રૂ. ૧૦,૦૦,૦૦૦, એક મોબાઈલ ફોન કિં.રૂ.૫,૦૦૦ અને રોકડા રૂ.૧,૦૦૦ મળી કુલ રૂ.૩૭,૪૩,૬૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ઘટના સ્થળેથી ટ્રક ચાલક રમેશચંદ્ર નૈનાલાલ માલી (રહે.,દેવગઢ, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક પૂછપરછ- માં દારૂ મોકલનાર 'પાજી' તેમજ દારૂ ભરાવનાર, ટ્રક આપી જનાર અને દારૂ મંગાવનાર અન્ય અજાણ્યા ઈસમોને વોન્ટેડ જાહેર કરી તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરત ગ્રામ્ય પોલીસની આ કામગીરીથી બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.